# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-10-2023** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર અંકિત પ્રજાપતિ વાંચે છે.

---

- ❖ સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત આગામી બે મહિના સુધી રાજયવ્યાપી સ્વચ્છતા અભિયાન વધુ વ્યાપક બનાવાશે.
- ❖ રાજયના જી.એસ.ટી. વિભાગ દ્વારા કરચોરી અટકાવવા 23 વેપારીઓના કુલ 52 સ્થળોએ દરોડા પાડી 8 કરોડ રૂપિયાથી વધુની રકમ પકડી પડાઇ.
- ❖ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મુંબઇમાં આવતીકાલે રોડ શો યોજાશે.
- ❖ અમદાવાદમાં 14મી ઓકટોબરે રમાનારી ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચને પગલે ઉચ્ચ સ્તરીય સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરાઇ.
- ❖ જી.પી.એસ.સી.ની 9 અને 26 નવેમ્બરે યોજાનાર બે પ્રિલીમ પરીક્ષાઓ વહીવટી કારણોસર મોકૂફ રખાઇ છે – નવી તારીખ ટૂંક સમયમાં જાહેર કરાશે.
- ❖ આજે 10મી ઓકટોબરે માનસિક બીમારીની જાગૃતિ અર્થે ''વિશ્વ માનસિક સ્વાથ્ય'' દિવસની ઉજવણી થઇ રહી છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Cm- swachhta hi seva

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત રાજ્યમાં હાથ ધરાયેલી વિવિધ કામગીરીની સમીક્ષા કરવા ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. રાજ્યમાં આગામી બે મહિના સુધી આ અભિયાનને વધુ વ્યાપક બનાવીને સ્વચ્છતા સફાઈ અભિયાન આગળ ધપાવવા દિશાનિર્દેશો આપ્યા હતા. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં શહેરી વિકાસ વિભાગ અને પંચાયત તથા ગ્રામ વિકાસ વિભાગ તેમ જ અન્ય સંબંધિત વિભાગોને આગામી આઠ સપ્તાહ દરમિયાન દર રવિવારે થીમ આધારિત સફાઈ સ્વચ્છતા કાર્યક્રમો યોજવા સૂચન કર્યું હતું.

આ સમીક્ષા બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે રાજ્યનાં 18 હજાર ગામોમાં 2.67 લાખથી વધુ કાર્યક્રમો યોજીને અંદાજે 3.92 કરોડ લોકોની જનભાગીદારીથી ગાર્બેજ-ફ્રી ભારતની નેમ પાર પાડવામાં આવી છે. એટલું જ નહીં, શહેરી ક્ષેત્રોમાં 26 હજારથી વધુ વિસ્તારોમાં લાખો લોકોની સહભાગીતાથી સફાઈ અભિયાન કરવામાં આવ્યું હતું. તેમણે આ અંગે વધુમાં કહ્યું કે સરકારી વસાહતો, કચેરીઓ, જાહેર સ્થળો, સાથે વોટરબોડીઝની સાફસફાઈને પણ સાંકળી લેવાનું આયોજન કરાશે.

રાજ્યનાં મહાનગરોમાં પ્રવેશમાર્ગોની હદથી પાંચ કિલોમીટર સુધીનો વિસ્તાર, નગર પાલિકા વિસ્તારમાં પ્રવેશમાર્ગોની હદથી 2 કિલોમીટર સુધીનો વિસ્તાર તેમ જ ગ્રામ વિસ્તારોમાં મુખ્ય રસ્તા, હાઈવેને જોડતાં મુખ્ય માર્ગોની ગ્રામ પંચાયતો દ્વારા દર રવિવારે અવશ્ય સાફસફાઈ થાય તેવી સૂચનાઓ પણ મુખ્યમંત્રીએ આપી હતી.

---

-માહિતી, રૂપલ -(નવીન)

# STATE GST DARODA

રાજયના જી.એસ.ટી. વિભાગના વિવિધ સેકટરોમાં ચાલતી કરચોરી અટકાવવા 23 વેપારીઓના કુલ 52 સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા જેમાં 8 કરોડ 10 લાખ રૂપિયાની કરચોરી પકડી પાડવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, રાજયના જી.એસ.ટી. વિભાગ દ્વારા કરવેરા ચૂકવતા વેપારીઓ અંગે અભ્યાસ કરતા ધ્યાનમાં આવેલ કે વિવિધ સેકટર સાથે સંકળાયેલ ટેકસ પેપરો દ્વારા મુખ્યત્વે ગ્રાહકોને વેચાણ અંગેની બિલ અપાતા નથી અથવા વેરો ભરવાનો ન થાય કે ઓછો ભરવાપાત્ર થાય તે માટે મળવાપાત્ર ન હોય તેવી ખોટી વેરા શાખનો દાવો કરાય છે. આથી સીરામીક, ભંગાર, મોબાઇલ ફોન, કોસ્મેટીક, ફરસાણ, હોટલ, રેસ્ટોરન્ટ, ટૂર ઓપરેટર, કોચીંગ કલાસ સાથે સંકળાયેલા 23 વેપારીઓના સ્થળો પર વિભાગ દ્વારા દરોડા કાર્યવાહી કરાઇ હતી.

જેમાં સુરતના 20, વડોદરાના 15, ડાંગના 5, ભાવનગર 5, ગાંધીનગર, મહેસાણા 3 –3 અને રાજકોટના 1 સ્થળ સાથે કુલ 52 દરોડા પાડી બિનહિસાબી વ્યવહારો, દસ્તાવેજો, પુરાવા પકડી પાડી કુલ 8 કરોડ 10 લાખ રૂપિયાની કરચોરી પકડી પાડવામાં આવી છે.

---

-પ્રેસ, અપર્ણા ખૂંટ, રૂપલ -(નવીન)

# VIBRANT ROAD SHOW-MUMBAI

વાયબ્રન્ટ ગુજરાત રોકાણ પરિષદ પહેલા, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મુંબઇમાં આવતીકાલે રોડ શો યોજાશે. તે અંગે વધુ માહિતી આપતાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ – GIDC ના કાર્યકારી નિયામક રાહુલ ગુપ્તાએ આ મુજબ જણાવ્યું.

(બાઇટ – રાહુલ ગુપ્તા)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

રીપીટ

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# POLICE - India-Pakistan Match

અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ભારત અને પાકિસ્તાન વચ્ચે 14 મી ઓકટોબરે રમાનારી વિશ્વકપ સ્પર્ધાની મેચને લઈને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગઇકાલે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિત મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ કૈલાશનાથન, મુખ્ય સચિવ રાજકુમાર અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા.

પત્રકારોને માહિતી આપતા, અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિકે જણાવ્યું કે, મેચ દરમિયાન કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્ટેડિયમ પરિસરમાં તેમજ શહેરમાં વિવિધ સ્થળોએ સાત હજારથી વધુ પોલીસ તૈનાત કરવામાં આવશે. શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં રાજ્ય અનામત પોલીસ દળ-આર પી એફના જવાનોને તૈનાત કરવામાં આવશે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

## બાઇટ- જી.એસ મલિક

---

-અપર્ણા ખૂંટ, હર્ષ -(નવીન)

# G.P.S.C.

ગુજરાત જાહેર સેવા આયોગ – જી.પી.એસ.સી. દ્વારા સાયન્ટિફ્ક ઓફિસર (બાયોલોજી જૂથ) વર્ગ 2 તેમજ ફિઝીક્સ, પેરામેડિકલ વર્ગ 2ની પ્રાથમિક કસોટીઓ 9–11–2023 અને 26–11-2023ના રોજ યોજાનાર હતી જે વહિવટી કારણોસર હાલ પૂરતી મોકૂફ રાખવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ પરીક્ષાઓની નવી તારીખ જી.પી.એસ.સી.ની વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે.

---

-ડીડી. ન્યુઝ, રૂપલ -(નવીન)

# vishv mansik swasthy divas

વિશ્વ આરોગ્ય સંસ્થા  દ્વારા ૧૦ મી ઓક્ટોબરનો દિવસ માનસિક બીમારીની જાગૃતિ અર્થે ‘’વિશ્વ માનસિક સ્વાથ્ય’’ દિવસ તરીકે ઉજવવામાં છે. જેની આ વર્ષની થીમ 'માનસિક સ્વાસ્થ્ય એ સાર્વત્રિક માનવ અધિકાર છે'.

વિશ્વમાં ૧૫ કરોડ કરતા વધુ લોકો ઉદાસીના રોગથી પીડાય છે. તેના પરિણામે ૯ કરોડથી વધુ લોકો વ્યસન રોગથી પીડાય છે, અને ૧૦ લાખથી વધુ લોકો આત્મહત્યા કરે છે.

આપણા દેશની વાત કરીએ તો ૯૦ ટકા જેટલા માનસિક બીમારી ધરાવતા દર્દીઓને સારવાર મળતી નથી. જેનું મુખ્ય કારણ માનસિક બીમારી વિશેની જાગૃતિનો અભાવ અને બીમારી વિશેની ગેર માન્યતા જવાબદાર છે.

રાજકોટની  પદ્મકુંવરબા હોસ્પિટલના માનસિક રોગ વિભાગના ડો. નીરવ ચુડાસમાએ વિવિધ માનસિક બીમારી અંગે સમજાવતા કહ્યું છે કે, ચિંતા, ઉદાસી, સ્કિઝોફ્રેનિયા, ધૂન એ વધારે પડતા સમય સુધી રહે તો તે માનસિક રોગમાં પરિણમી શકે છે. જેના લક્ષણોમાં વ્યક્તિને ચોક્કસ સ્થિતિમાં ડરની લાગણી, બેચેની અનુભવાય, સ્વભાવ ચીડિયો થઈ જવો, જીવ નીકળી જશે તેવો ડર લાગવો, વ્યક્તિને જલ્દીથી ગુસ્સો આવવો, સ્વભાવ ચિડિયાપણો થઈ જવો,  ભૂખ ના લાગવી, ઊંઘ ના આવવી, શંકા થવી, જેવા લક્ષણો હોય છે.

વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓમાં જાગૃતિ અર્થે પદ્મકુંવરબા હોસ્પિટલ દ્વારા પ્રેઝન્ટેશન દ્વારા શાળા, કોલેજ, ગ્રામ પંચાયત, પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે માનસિક આરોગ્યની જાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવે છે.

---------------------------------------------------------------------

- પીટીસી/જયદીપ પંડ્યા /રૂપલ  -(નવીન)

# Gujarat National Postal Week

ગુજરાતમાં પહેલી ઓક્ટોબર સુધીમાં 5-જી રેડી નેટવર્ક પર સાત હજાર, 600 થી વધુ ગ્રામીણ પોસ્ટ ઓફિસોને નવા ડિજીટલ બેન્કિંગ પ્લેટફોર્મ હેઠળ લાવવામાં આવી છે.

આકાશવાણી સાથેની વાતચીતમાં ગુજરાત સર્કલના ચીફ પોસ્ટ માસ્ટર જનરલ નીરજકુમારે જણાવ્યું હતું કે, લગભગ 12 હજાર નાના-મોટા રાજ્યના વેપારીઓને ઝડપી ડિજીટલ પેમેન્ટ સક્ષમ કરવા માટે ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્ક UPI સિસ્ટમથી સજ્જ કરવામાં આવ્યા છે.

શ્રી કુમારે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય ટપાલ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વર્તુળ દ્વારા ઘણી નવી પહેલ શરૂ કરાઈ છે, જેમાં અમદાવાદ, રાજકોટ, વડોદરા એરપોર્ટ પર મુસાફરો માટે વધારાનો સામાન વિદેશ મોકલવા માટે નવી પાર્સલ સુવિધા અને ટૂંક સમયમાં 24 કલાક પાર્સલ બુકિંગ કાઉન્ટરનો સમાવેશ થાય છે. નાગરિકોની સુવિધા માટે પાર્સલ સેવા હેલ્પલાઇન શરૂ કરાશે.

---

- અપર્ણા ખુંટ - રૂપલ જાની - દુર્ગેશ

# AHMEDABAD POLICE

અમદાવાદ શહેર પોલીસ દ્વારા નવરાત્રિના તહેવાર અંગે ખાસ જાહેરનામું બહાર પાડયું છે. જેમાં નવરાત્રિના નવ દિવસ તથા દશેરાના એક દિવસ દરમિયાન રાત્રિના 10 થી 12 વાગ્યા સુધી રાસ ગરબા કે અન્ય કાર્યક્રમમાં માઇક સિસ્ટમ, લાઉડ સ્પીકર, પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરી શકશે. રાત્રિના 12 વાગ્યા પછી કોઇપણ માઇક કે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહીં.

અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં આ આદેશ અમલમાં રહેશે અને જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ શિક્ષાને પાત્ર બનશે.

---

-પ્રેસનોટ, અપર્ણા ખૂંટ, રૂપલ, -(નવીન)